## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અધિક મહિનો છે તો... ખર્ચો પણ અધિક જ હોય ને.... પુછો છો શું....!!



આનંદનગર સોસાયટી સેક્ટર ૨૭ ખાતે મોટો ભૂવો પડતા ટ્રેક્ટર ફસાઈ ગયું હતું જેને જેસીબી વડે ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાની આજે મળેલ સામાન્ય સભામાં આજે ૬ કાઉન્સીલરો ગેરહાજર રહ્યા હતા.

● સામાન્ય સભામાં હાજરી આપવા આવતા મેયરનો ઝભ્ભો ભરાઈ જતાં ફાટી ગયો હતો.

● ગાંધીનગર મનપામાં આજે સામાન્ય સભાના આરંભ પૂર્વે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખની સંકલન સમિતિની બેઠક મળી હતી.

● ગાંધીનગર મનપાના ઢોર ડબ્બાની આજે ત્રણ કાઉન્સીલરોએ સવારે જ મુલાકાત લીધી હતી અને સ્થિતિ જોઈ તેઓ દ્રવિત થયા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પ્રકોપ અને અસહ્ય બફારો લોકોએ અનુભવ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારી અગ્રણી પ્રકાશ ત્રિવેદીની તબિયત નાજુક થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

● કલોલના બાલવા ચાર રસ્તા પરથી વિદેશી દારૂનો ૩૨ હજારનો જથ્થો ઝડપાયો.

● ગાંધીનગરમાં આજે વેધર વૉચ ગૃપની બેઠક મળી હતી.

● ગાંધીનગરમાં રસ્તા પર પડી ગયેલા રૂ. ૩૯ હજાર કેમેરાએ પરત અપાવ્યા.

● ગાંધીનગર એ.સી.બી.એ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓને ભ્રષ્ટ્રાચાર નાબુદી માટે માર્ગદર્શન આપ્યુ.

● કેનાલમાં પડતુ મુકનારી યુવતીનો દહેગામ પોલીસે બચાવી લીધી છે.

● સે. ૬ માં આવેલ બિલ્ડીંગની નીચે પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી.

● નોકરીથી પરત આવી રહેલી દહેગામની મહિલા પર ચાર લોકોનો હુમલો.

● માણસામાં બાઈકની ટક્કરે એક્ટીવા સવારનું મોત.

● ધો. ૧૨ની પૂરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયુ છે.

● જિલ્લા કલેકટર હિતેશ કોયાએ ઈ.વી.એમ. સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી હતી.

● માણસા સાયન્સ કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● રાંદેસણમાં ઊર્જાનગર વિભાગ-૧ સોસાયટીમાં ભાગવત્ કથાનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર શહેરમાં અત્યારે ભક્તિનો માહોલ જામ્યો છે.

# રીક્ષામાં મુસાફરને બેસાડી વૃધ્ધ દંપતિના રૂ.૧.૪૩ લાખના દાગીના સેરવી લીધા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી તેઓની નજર ચુકવી કિંમતી સામાન ચોરી કરી લેતી ટોળકીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અડાલજ ત્રિમંદિર થી વૃધ્ધ દંપતિને રિક્ષામાં બેસાડી તેમના થેલામાંથી રૂ.૧.૪૩ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાનું બોકસ સેરવી લઈ ફરાર થઈ ગયેલા શખ્સો સામે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૩-૩૮૭ ખાતે રહેતા ૬૩ વર્ષિય રતિલાલ નોપાજી પ્રજાપતિ સે-૨૧ શાકમાર્કેટમાં શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત તા.૧૧ મી માર્ચના રોજ રતિલાલ તેમની પત્ની લીલાબેન સાથે વતન રાજસ્થાનની એસટી બસમાં ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. સાંજના સાડા પાંચ વાગે અડાલજ ત્રિ મંદિર થી મહેસાણા બસ સ્ટેન્ડ પાસે ઉતર્યા હતા. ત્યાંથી સીએનજી રીક્ષામાં બેસી ગાંધીનગર આવી રહ્યા હતા.

તે દરમિયાન રીક્ષાની અંદર પહેલા થી એક બાઈ અને એક બહેન બેઠેલા હતા. રીક્ષા સામાન્ય આગળ જતા અન્ય બે ભાઈઓ રીક્ષામાં બેઠા હતા. રીક્ષામાં કુલ-૭ મુસાફરો બેઠા હતા.તે સમયે ડ્રાઈવર સાઈડ ડાબી બાજુએ તેમની પત્ની તેમજ બીજી બાજુ કોઈ બીજો ભાઈ બેઠો હતો. જયારે રતિલાલ પાછળ બેઠા હતા. તેઓની પાછળ સામાનનો થેલો મુક્યો હતો. સરગાસણ થી સામાન્ય અંતરે રીક્ષા ઉભી રાખી ડ્રાઈવરે રતિલાલને આગળ અને તેમના પત્નિને પાછળ બેસવા માટે કહ્યુ હતું. જયાં રીક્ષા મહાત્મા મંદિર થી આગળ સે-૧૫ જવાના રસ્તે ડ્રાઈવરે ઉભી રાખીને બંન્ને નીચે ઉતારી દીધા હતા. રીક્ષા ચાલકે કહ્યું કે બીજા મુસાફરને ફતેપુરા ખાતે ઉતારી તમને લેવા માટે આવું છું. જો કે અડધો કલાક રાહ જોયા પછી પણ રીક્ષા લઈને ડ્રાઈવર પરત નહી ફરતા રતિલાલને શંકા ગઈ હતી. તેઓએ થેલો ચેક કરતા અંદરથી રૂ.૧.૪૩ લાખના સોના ચાંદીના દાગીના રાખેલુ બોકસ ગાયબ હતું. બનાવ બાદ રતિલાલ રાજસ્થાન ગયા હતા. જેથી જે તે સમયે ફરીયાદ કરી ન હતી. અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નોકરી કરતી પરિણિતાને સાસરીપક્ષના સભ્યો ત્રાસ આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૨૫

રાજયના દક્ષિણ ગુજરાતની યુવતિ ગાંધીનગરમાં રહીને નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી. તે દરમિયાન યુવતિ એક યુવકના સંપર્કમાં આવતા પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ યુવતિએ પરિવાજનોની મરજી વિના યુવક સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા. લગ્નબાદ યુવતિને જાણ થઈ કે તેનો પતિ ધોરણ-૧૨ પાસ પણ નથી. તો બીજીતરફ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવતિ સરકારી નોકરી લાગી ગઈ હતી. ત્યારે પતિ મારઝુડ કરતો હતો અને સાસરીયાઓ પગાર માંગતા હતા. ત્યારે લગ્ન જીવનના ૧૦ વર્ષ બાદ પરિણિતાએ તેના પતિ, સસરા અને નણંદ સામે ફરીયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ અંદાજીત ૩૪ વર્ષિય પરિણિતા હાલમાં ઉવારસદ ખાતે રહે છે. જયારે વર્ષ ૨૦૦૮માં નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી. તે સમયે સેકટર-૩ ન્યું ખાતે રહેતા દર્શન નામના યુવક સાથે પ્રેમ થઈ ગયો હતો.વર્ષ ૨૦૧૨માં યુવતિએ પરિવારની મરજી વિરુધ્ધ યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પતિનો પરિવાર ભાડના મકાનમાં રહેતો હતો.જયારે પુછવામાં આવતા જવાબ આપતા ન હતા. ફીઝીયોથેરાપીની ઈન્ટર્નશીપ દરમિયાન તબિબનો ફોન આવતા પતિ શંકા કરી ધમકીઓ આપતા હતા. જયારે નણંદ વાર તહેવારે પિયરમાં આવીને લાંબો સમય રોકાતી હતી. તે દરમિયાન સાસુ સસરાને ચડામણી કરતી હતી. એક રૂમ રસોડાના મકાનમાં દંપતિને જમીન ઉપર ગાદલા નાંખીને સુવુ પડતુ હતું. ત્યારબાદ ઉવારસદમાં મકાન રાખતા વાસ્તુ કરવામાં આવ્યું હતું. તે સમયે પરિણિતાના પિતા ટીવી, ફ્રીઝ, વોશીંગ મશીન, વીંટી, પાટલા, એસી, સોનાનો સેટ, ચેન, બુટ્ટી, સહિતનો સામાન લાવ્યા હતા. પરિણિતાને પિયરમાંથી સામાન આપતા એકઘરમાં ડબલ વસ્તુઓ થઈ ગઈ હતી. જેથી નણંદને આપવાની વાત કરતા પરિણિતાએ વિરોધ નોંધાવ્યો હતો. જેથી સસરા કહેવા લાગ્યા હતાકે તારા બાપના ઘરેથી સામાનની જગ્યાએ રોકડા રૂ.૨૦ લાખ લાવી હોય તો લોન ભરાઈ ગઈ હોત. નણંદને સામાનની ના પાડતા પતિએ પરિણિતાને માર માર્યો હતો. વારંવાર મારઝુડ અને માસનિક ત્રાસ આપતા પરિણિતા વર્ષ ૨૦૧૬માં તેના પિતાના ઘરે જતી રહી હતી. પરંતુ ત્યારબાદ સમાધાન થઈ જતા પરત આવી ગઈ હતી. જયારે વર્ષ ૨૦૧૮માં સિનિયર કલાર્કની પરિક્ષા આપતા પાસ થઈ જતા સરકારી કર્મચારી બની ગઈ હતી. પરિણિતા નવસારી નોકરી કરતી હોવાથી બે દિવસ માટે ઘરે આવતી હતી. જયારે કોઈનો ફોન આવે તો પતિ શંકા કરતોહતો. તું પગારમાંથી જલસા કરે છે. તેમ કહી બ્લેકમેઈલ કરતો હતો. પતિને કાર લેવી હતી જેથી રૂ.૧૦ લાખ માંગતા રૂ.૩ લાખ આપ્યા હતા. જયારે પરિણિતાને પતિ મારઝુડ કરતો હતો અને દવાખાને પણ લઈ જતો ન હતો. ત્યારે આખરે કંટાળી પરિણિતાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના વાહનચાલકો સામે તંત્રની દંડનીય કાર્યવાહી




ગાંધીનગરમાં હાલના સમયે ટ્રાફીક ડ્રાઈવ ચાલી રહી છે. ટ્રાફિક પોલીસે આજરોજ સ્ટંટબાજો, લાયસન્સ અને હેલમેટ વિના, ઓવરસ્પીડ અને ભયજનક રીતે વાહન ચલાવતા વાહનચાલકો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરી છે. રાજયમાં પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ એક મહિનો ચાલશે. જેને પગલે શહેરના વાહનમાલિકોમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

# દાહોદની મહિલા અને ચાર બાળકોને અભયમે ગાંધીનગર આશ્રયગૃહ ખાતે મોકલી આપ્યા

ગાંધીનગર, તા.૨૫

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના એક ગામની મહિલા દારૂડીયા પતિથી કંટાળી સોનાની નાકની નથણી વેચીને પૈસા લાવી ચાર બાળકો સાથે બસમાં બેસી ગાંધીનગરના માણસા ખાતે આવી પહોંચી હતી. ત્યારે જાગૃત નાગરીકે ૧૮૧ અભયમને કોલ કરીને જણાવતા મહિલાનું કાઉન્સેલીંગ કર્યા બાદ મહિલાને બાળકો સાથે આશ્રય ગૃહમાં રાખવામાં આવી છે.

મળતી વિગત મુજબ ગત તા.૨૩ ના રોજ બપોરના દોઢ વાગ્યાના અરસામાં એક નાગરીકે અભયમની ટીમને જાણ કરી હતી કે એક મહિલા અને ચાર બાળકો મળી આવ્યા છે. જેથી ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પિડીત મહિલાને વિશ્વાસમાં લઈ કાઉન્સેલીંગ કરતા જાણવા મળ્યું કે તેનો પતિ દારૂડીયો છે અને મારઝુડ કરે છે. જેથી તે ઘરે થી ભાગી જઈને માણસા આવ્યા છે. વધુ પુછપરછમાં જણાવ્યું કે તેઓ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના એક ગામના છે. મહિલાના પતિને બે પત્ની છે. જયારે તેનો પતિ શારીરીક માનસિક ત્રાસ આપે છે. પરિવારના સભ્યો પર પણ શંકા કરે છે. પતિ ખુબ જ મારઝુડ કરતા હોવાથી મહિલા બાળકો સાથે જીવ બચાવવા માટે તેઓ ઘરેથી નીકળી ગયા છે. જયારે બસનું ભાડુ પણ ન હોવાથી નાકમાં પહેરેલી સોનાની નથણી વેચીને પૈસા લાવી બસમાં બેસીને માણસા આવી પહોંચી હતી. જયારે મહિલા-બાળકો ચાલતા ચાલતા એક ખેતરના બોરકુવા પર વયોવૃધ્ધ મહિલા પાસે રહ્યા હતા. જયારે એક વ્યકિત પાસે ૧૮૧ માં કોલ કરાવ્યો હતો. જેથી અભયમની ટીમને પિડીતાએ સમસ્યા વર્ણવી હતી. ટીમે પિયર કે સાસરી પક્ષના સભ્યોના મોબાઈલ ફોન નંબર યાદ ન હોવાથી નજીકના પોલીસ મથકે લઈ ગયા હતા. પોલીસે દાહોદ તેમજ મહિલાના ગામ નજીકના પોલીસ મથકે તપાસ કરી હતી. પરંતુ પિડીતાના કોઈ સગા-સંબંધીએ મહિલા ગુમ થયા અંગે જાણવા જોગ ફરીયાદ આપી નથી.

તો બીજીતરફ પિડીતાના કોઈ સગા-સબંધીઓ ગાંધીનગરમાં ન હોવાથી હાલ મહિલા અને બાળકોને ગાંધીનગર આશ્રય ગૃહમાં આશ્રય અપાવ્યો છે.



એમ .બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તારીખ ૨૨ જુલાઈ ને શનિવારના રોજ ધોરણ એ ૧ થી ૮ની વિદ્યાર્થિની બહેનોના વાલીઓ માટે વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શાળાના આચાર્યા નીરૂબેન પટેલ દ્વારા શાળાનું વાર્ષિક આયોજન P.P.T.દ્વારા રજુ કરવામાં આવ્યું હતું, ચિંતન શિબિરમાં મહેમાન તરીકે ડૉ. પલકેશભાઈ પટેલ ઉપસ્થિત રહી શાળા દ્વારા આપવામાં આવતા ઉત્તમ શિક્ષણ તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓને બિરદાવેલ, શાળાના મદદનીશ શિક્ષક ચંદ્રકાંતભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું તથા શાળા દ્વારા તૈયાર કરેલ સલામતી માટેના નિયમો, પરિણામ પત્રક,નાસ્તાનું આયોજન વગેરેની વિસ્તારપૂર્વક સમજૂતી આપવામાં આવી હતી. શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત સર્વે નો આભાર વ્યક્ત કર્યોહતો. ચિંતન શિબિરને સફળ બનાવવા માટે શાળાના કર્મયોગી સ્ટાફ પરિવારે ખૂબ જ જહેમત ઊઠાવી હતી.

# સે-૬ તરલ સર બિલ્ડીંગ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૬ તરલ સર આઈએલટીએસની બિલ્ડીંગની નીચે પાર્કિંગમાંથી રૂ.૭૦ હજારના બાઈકની ચોરી થવા પામી છે. યુવકે સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ ખેડા જિલ્લાના હાલ ગાંધીનગર શહેરના સેકટર-૫ એ પ્લોટ નં.૩૪૦ ખાતે પીજીમાં રહેતા મુકેશસિંહ દશરથસિંહ સોલંકી ભાડેથી રહે છે. જયારે યુવક સેકટર-૧૨ માં લીબર્ટી કલાસીસમાં જીપીએસસીની તૈયારી કરે છે. યુવક પાસે તેના પિતાની માલિકીનું બાઈક નં. જી.જે.૦૭.ઈ.જે.-૧૮૭૫ હતું. ગત તા.૨૪ જુલાઈના રોજ સવારે આઠ વાગે યુવક તેના મિત્ર સાથે સેકટર-૬ ફુલમા લાયબ્રેરી આવ્યા હતા. ત્યાં યુવકે બાઈક તરલ સર આઈએલટીએસના બિલ્ડીંગ નીચે પાર્ક કર્યુ હતું. જયારે મિત્ર બાઈક લઈ કામઅર્થે ગયો હતો. સાડા દશ વાગે પરત આવીને પાર્ક કરેલી જગ્યા પર બાઈક મુક્યુ હતું. ત્યારબાદ જમવા માટે જવાનું હોવાથી યુવક તેમજ મિત્ર લાયબ્રેરીમાંથી નીચે સાડા બાર વાગે નીચે આવી ગયા હતા.ત્યારબાદ જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે આસપાસના સેકટરોમાં તપાસ કરવા છતા બાઈક મળી ન આવતા બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# રેવાબા વિદ્યામંદિર દહેગામ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૫

રેવાબા વિદ્યામંદિર શાળામાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પીએલવી રમેશચંદ્ર આર. ત્રિવેદીએ પોસ્કો તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ બાબતે ધોરણ-૯ થી ૧૨ના ૧૩૦ જેટલા બાળકોને માહિતી આપી હતી. ક્રાઈમથી બચવા માટે શું સાવધાની રાખવી તે સમજાવ્યું હતું. જો પોતે કે અન્ય કોઈ આવા અપરાધનો ભોગ બને તો શું કરવું તે બાબતે બાળકોને યોગ્ય સમજ આપી હતી.

# વનચેતના કેન્દ્રના નવનિર્મિત વિશ્રામગૃહનું લોકાર્પણ કરાયું



ગાંધીનગર,તા.૨૫

વનચેતના કેન્દ્ર ગાંધીનગર ખાતે ગુજરાત પોલિસ આવાસ નિગમ લી. દ્વારા નવનિર્મિત વિશ્રામ ગૃહનંક લોકાર્પણ વન અને પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઈ બેરા તથા રાજ્યકક્ષાના વન પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. રૂ. ૪૧૫.૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલા વિશ્રામગૃહનાં બે માળમાં કુલ ૧૨ રૂમ તથા ૧ ડાઈનીંગ હોલ બનાવાયા છે.જેમાં વાતાનુકુલ સાથે અન્ય તમામ અત્યાધુનિક સગવડો પણ ઉભી કરાઈ છે. ગાંધીનગર ખાતે થતા વિવિધ સેમિનાર,કોન્ફરન્સ,તાલિમ કાર્યક્રમો,રિસર્ચ અર્થે આવતા નિષ્ણાતો તથા મીટીંગ અર્થે આવતા વન વિભાગના અધિકારી ઓ તથા પાટનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં આમંત્રિત પદાધિકારીઓ, મહેમાનોનાં રોકાણની સુવિધા અર્થે આ વિશ્રામગૃહનું નિર્માણ કરાયું છે. આ પ્રસંગે અ?ગ્ર મુખ્ય વન સંરક્ષક વિકાસ અને વ્યવસ્થાપનશ્રી યુ.ડી સિંઘ, મુખ્ય વન સંરક્ષકશ્રી અ?ને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ એસ.કે ચતુર્વેદી, અગ્ર સચિવશ્રી વન અને પર્યાવરણ સંજીવ કુમાર,મુખ્ય વન સંરક્ષકશ્રી સંદિપ કુમાર, ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષકશ્રી ચંદ્રેશકુમાર સાનદ્રે તથા વન વિભાગના અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ ,પોલિસ આવાસ નિગમ.લિ નાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) સેક્ટર-૮, ગાંધીનગર ખાતે અર્બન હેલ્થ સેન્ટર, સે-૨ ગાંધીનગરની ડૉક્ટરોની ટીમ દ્વારા હેલ્થ ચેક- અપ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઝુંડાલથી સુઘડ સુધીનો ૩૬ મીટર અને ૨૪ મીટરનો રોડ ખૂલ્લો કરાયો

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧૦ (ઝુંડાલ, અમિયાપુર, સુઘડ)માં કુલ ૩૬ મીટર અને ૨૪ મીટર બંને રોડ ખુલ્લા કરવામાં માટે આજે ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરશ્રીએ સમીક્ષા કરી હતી. ગાંધીનગર મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ શાખાના અધિકારીઓ તેમજ ઈજનેરી શાખાના અધિકારીઓને સાથે રાખીને આ બંને રોડની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ઝુંડાલથી સુઘડ સુધીનો ૩૬મી. નો રોડ ૪ કિમી માંથી આજે ૨.૮ કિ.મી. જેટલો રોડ ખુલ્લો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૨૪મીનો રોડ છે ત્યાં ૪ કિ.મી.માંથી ૨.૫ કિ.મી. જેટલો રોડ ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. જેટલો રોડ ખુલ્લો કરવાનો બાકી છે ત્યાં જે પણ અડચણો આવે ત્યાં કમિશનરશ્રીએ ખેડૂતો સાથે મળીને સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન અને વોટર સપ્લાય લાઈન નાખવામાં આવનાર છે. જેની સમીક્ષા પણ કમિશનરશ્રી દ્વારા કરવામાં આવી હતી. કમિશનરએ ટાઉન પ્લાનિંગ શાખા તેમજ ઈજનેરી શાખાને આ કામ ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી.

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૨૫

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઓગષ્ટ-૨૦૨૩ના સત્ર અન્વયે વિવિધ સર્ટિફિકેટ/ડિપ્લોમાં/ બી.એ.-બી.કોમ./એમ.એ. માં ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. રસ ધરાવનારે baou.edu.in વેબસાઈટ પર જઈ કાર્યવાહી કરવા કેન્દ્ર સંયોજક, સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગરની યાદીમાં જણાવ્યુ હતુ.

વધુમાં FEB-2023 સત્રમાં એડમિશન લીધેલા વિદ્યાર્થીઓએ પુસ્તકો કેન્દ્ર પરથી મેળવી લેવા જણાવ્યુ હતુ.

**PUBLIC NOTICE**

**BEFORE THE ACCIDENT CLAIMS TRIBUNAL PALGHAR, AT: PALGHAR**
**Hon'ble Member Shri.A. S. Pratinidhi, M.A.C.T., Palghar**
M.A.C.P No. 167/2017
Exh.No. 17

**Mr. Vidya Vinayak Pimpale** ...Applicant
V/s.
**Mr. Jayeshbhai Govindbhai Patel & 1** ...Opponent

To,
**1] Mr. Jayeshbhai Govindbhai Patel At. Khapariya, Vangar Faliya, Tal. Gandevi, Dist. Navsari, Gujarat**

Whereas the above named applicant has filed Accident Claim application for restoration of accident claim in this Tribunal against you.

You are hereby given notice to appear in this Tribunal in person or by a pleader duly instructed and to file your say on or before 28/07/2023 at 11.00 a.m. failing which the said application will be heard absence and determined Ex-pertly.

Given under my hand and the seal of the Tribunal on this 13th day of April, 2023.

Sd/- Jr Clerk

BY Sd/- Superintendent, M.A.C.T., PALGHAR.